જાહેરનામું

પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૩૦/૨૦૨૬,
તા.૨૨/૯/૨૦૨૬

હું, અનુપમ સિંહ ગહલૌત, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે 'એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યોરીટીની કચેરી, અમદાવાદ' પરિસરની સલામતી અને સુરક્ષાની ધ્યાનમાં રાખી નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ :-

અમદાવાદ શહેરમાં આવેલ એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યોરીટીની કચેરી દ્વારા આતંકવાદ વિરોધી કામગીરી, ગેરકાયદેસર હથિયારો, NDPS, FICN (ફેક ઇન્ડીયન કરન્સી નોટ), સંગઠિત અપરાધ (Organized Crime), ઉત્તર ભારતીય ગેંગ્સ તેમજ 'ડી-ગેંગ' જેવા અત્યંત સંવેદનશીલ અને રાષ્ટ્રીય સુરક્ષા સબંધિત ગુનાઓ સામે અતિ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ પ્રકારની જોખમી કામગીરીના કારણે આ કચેરી પર સતત સુરક્ષા જોખમ રહેલું છે. અગાઉ દેશમાં સ્ટેટ ઇન્ટેલિજન્સ કચેરી પર થયેલા હુમલા જેવી ઘટનાઓને ધ્યાને લેતાં આ એ.ટી.એસ. કચેરી પરિસરની સલામતી અને સુરક્ષા વ્યવસ્થા અત્યંત સઘન બનાવવી ખુબ જ જરૂરી જણાય છે. વધુમાં ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૫/૯/૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૧૩૪/૨૦૨૨/SB-૫/OSA/ ૧૦૨૦૨૨/૬૮ થી આ કચેરીને પ્રતિબંધિત સ્થળ તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેથી 'એ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યોરીટીની કચેરી, અમદાવાદ' ની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખી આ કચેરીની કમ્પાઉન્ડ વોલથી બહારના ૨૦-મીટર સુધીના નીચે જણાવેલ વિસ્તારને 'નો-પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવે છે.

'નો-પાર્કિંગ ઝોન' વિસ્તાર	
અ.નં.	**વિસ્તારની વિગત**
૧.	એ.ટી.એસ. બિલ્ડીંગની પશ્ચિમ બાજુ, એસ.જી.હાઇવે તરફના ભાગે નિરમા યુનિવર્સિટીની દીવાલથી શિલ્પ બિલ્ડીંગ સુધી. (અક્ષાંશ : ૨૩.૧૨૭૬૭૦, ૭૨.૫૪૦૪૮૬૩ થી રેખાંશ : ૨૩.૧૨૬૧૬૪૭૬, ૭૨.૫૪૦૦૨૫૮)
૨.	એ.ટી.એસ. બિલ્ડીંગની દક્ષિણ બાજુ, એસ.જી.હાઇવેથી બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રોડ તરફના ભાગે શિલ્પ બિલ્ડિંગથી લઇ ગણેશ હાઉસિંગ બિલ્ડિંગ સુધી. (અક્ષાંશ : ૨૩.૧૨૬૧૬૪,૭૨.૫૪૦૦૨ થી રેખાંશ:૨૩.૧૨૫૬૭૭૮૨,૭૨.૫૪૨૩૪૭૯)

અપવાદ : ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

-: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૩/૯/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ

જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૨/૯/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૨/૯/૨૦૨૬
અમદાવાદ શહેર

(અનુપમ સિંહ ગહલોત)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં–૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર–૧,સેકટર–૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ–૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. (E-mail : gogpress-vad@gujarat.gov.in)
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.